# ભગવાન ભક્તની અહિતકારી માંગણી પૂરી નથી કરતા

**આચમન**
**બિપિન પટેલ**

'જે થાય તે સારા માટે જ થાય છે' અને 'ભગવાન જે કરે તે સારું જ કરે...' જેવી ઉક્તિઓ પ્રચલિત છે. છતાં માનવીનું મન તેને જલ્દી સ્વીકારી શકતું નથી. છતાં માનવી અનેક વાર ભગવાન સમક્ષ પોતાની વિવિધ માંગણીઓ રજૂ કરે છે અને ઈચ્છે છે કે ભગવાન તે પૂર્ણ કરે. જો તે પૂરી થાય તો તેને આનંદ તો થાય છે, પરંતુ તે માટે ભગવાન પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાનું તે ભૂલી જાય છે. જ્યારે તેની કોઈ માંગણી પૂરી નથી થતી ત્યારે તે ભગવાન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી તેમને ઠપકો આપવાનું તો નથી ભૂલતો. ભગવાન કદી એવું નથી ઈચ્છતા કે મારા ભક્તનું અકલ્યાણ થાય! પરંતુ માનવી પોતાની સમજ અને પોતાની વ્યાખ્યા પ્રમાણે ભગવાન પાસે કરાવવા ઈચ્છે છે, ત્યારે ભગવાનની ઈચ્છા અને વ્યાખ્યાને તે સમજી શકતો નથી.

દેવર્ષિ નારદજી સાથે પણ એવું જ બન્યું. શ્રી રામચરિતમાનસના બાલકાંડનો એ પ્રસંગ સમજાવે છે કે ભગવાન તો એવા કુશળ વૈદ્ય છે કે દર્દી ભક્ત જો કપટ્યની માંગણી કરે તો તેઓ તેની એ માંગણી પૂરી કરતાં નથી. તેનો રોગ મટાવવા માટે કડવી દવા પણ આપે છે. રાજા શીલનિધીએ પોતાની સુંદર કન્યા વિશ્વમોહિની માટે સ્વયંવરનું આયોજન કર્યું હતું. યોગાનુયોગ દેવર્ષિ નારદજી ત્યાં પહોંચી ગયા. રાજાની કન્યા વિશ્વમોહિનીના સૌંદર્યથી નારદજી મોહિત થયા. તેને પરણવાની તીવ્ર ઈચ્છા તેમને થઈ તે માટે તેમણે ભગવાન પાસે તેમની સુંદરતા માંગી, જેથી તમના ગળામાં વરમાળા પહેરાવે. ભગવાન સમજી ગયા કે નારદજી કામરોગથી પીડાઈ રહ્યા છે. ભગવાન તો કુશળ વૈદ્ય છે, રોગીને તેઓ કુપથ્ય આપતા નથી,

> "જ્યારે તેની કોઈ માંગણી પૂરી નથી થતી ત્યારે તે ભગવાન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી તેમને ઠપકો આપવાનું તો નથી ભૂલતો. ભગવાન કદી એવું નથી ઈચ્છતા કે મારા ભક્તનું અકલ્યાણ થાય!"

કુપથ માગ રુજ બ્યાકુલ રોગી|
બૈધ ન દેઈ સુનહુ મુનિ જોગી||

ભગવાને તેમને કહ્યું- હું તમારા હિતમાં જે હશે તે જ કરીશ. નારદજીના હિતમાં જે હતું તે જ તેમણે કર્યું કે જેથી વિશ્વમોહિની તેમનાથી દૂર જ રહે! તેમણે નારદજીની મુખાકૃતિ વાનરના મુખ જેવી કરી દીધી. જો કે કેવળ વિશ્વમોહિનીને જ તેઓ વાનર જેવા નજરે પડ્યા, બીજાઓને તો તેઓ ઋષિરૂપમાં જ દેખાયા. વિશ્વમોહિનીએ નારાજ થઈને તેમના તરફથી મુખ ફેરવી લીધું અને એક સુંદર રાજકુમારના ગળામાં વરમાળા પહેરાવી દીધી. જો કે એ પણ ભગવાનની જ લીલા હતી. એ રાજકુમાર સ્વયં ભગવાન જ હતા. તેમણે તો નારદજીને પરણાતા અટકાવવા માટે જ આ લીલા કરી હતી. પરંતુ નારદજી ક્રોધે ભરાયા અને ભગવાનને શાપ આપી દીધો. લાંબા સમયે તેઓ જ્યારે ભગવાનને ફરી મળ્યા. ત્યારે તેમણે ભગવાનને પ્રશ્ન કર્યો કે ત્યારે વિશ્વમોહિની સાથે પરણવાની મારી માંગણી તમે કેમ પૂરી કરી ન હતી? ભગવાને હસીને કહ્યું, 'જે પ્રકારે માતા પોતાના બાળકની રક્ષા કરે છે તે જ પ્રકારે હું મારા ભક્તોની રક્ષા કરું છું. અબુધ બાળક જ્યારે અગ્નિની જ્યોત પકડવાનો પ્રયત્ન કરે છે ત્યારે માતા તેનો હાથ પકડી



ખેંચી કાઢે છે. બાળકને માતા પર ગુસ્સો ચઢે છે. તે રડે છે પરંતુ તેને ખબર નથી કે અગ્નિને પકડવાથી દાઝી જવાય. માતાએ જાણ છે એટલે તેના હિત માટે તેને તેમ કરવા દેતી નથી. નારીના મોહમાં ફસાયને તમે સંસારના વિષયભોગોમાં લિપ્ત બનો તેમાં તમારું અહિત હતું, એટલે મેં તમારા હિત માટે જ તેમ કર્યું હતું, તમે કુપથ્ય માગ્યું, પરંતુ મેં તે તમને ન આપ્યું. નારદજી સમજી ગયા કે ભગવાન તો એવા કુશળ વૈદ્ય છે કે જેઓ ભક્તની અકલ્યાણકારી માંગણી (કુપથ્ય) પૂરી કરતા નથી.



## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. 8 જૂન થી તા.15 જૂન 2026

**તા.8, સોમવાર,**
અધિક જેઠ વદ આઠમ,પંચક, કાલાષ્ટમી.

**તા.9, મંગળવાર,**
અધિક જેઠ વદ નોમ, પંચક

**તા.10, બુધવાર,**
અધિક જેઠ વદ દશમ, પંચક

**તા.11, ગુરુવાર,**
અધિક જેઠ વદ એકાદશી, કમલા એકાદશી- સાકર પંચક સવારે 8-17.

**તા.12, શુક્રવાર,**
અધિક જેઠ વદ બારસ, પ્રદોષ.

**તા.13, શનિવાર,**
અધિક જેઠ વદ તેરસ, અમૃત સિદ્ધિયોગ, શિવરાત્રિ.

**તા.14 ,રવિવાર,**
અધિક જેઠ વદ ચૌદશ- દર્શ અમાસ,અન્વાધાન.

# પરિસ્થિતિ જ માણસને ઘડે છે

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**





પરિવર્તન એ પ્રાકૃતિક નિયમ છે. એ મુજબ જીવનમાં સતત પરિવર્તન આવતું રહે છે. સમય મુજબ સ્થિતિ બદલાતી રહે છે. એ બધા વચ્ચે માણસનું સ્થિર રહેવું અઘરું હોય છે. એટલે સ્થિતિવશ માણસ ચલિત થઈ જાય છે. એવા પરિણામનો એક દાખલો છે ડાકુ પંચમસિંહ.

> "પરિવર્તન એ પ્રાકૃતિક નિયમ છે. એ મુજબ જીવનમાં સતત પરિવર્તન આવતું રહે છે. સમય મુજબ સ્થિતિ બદલાતી રહે છે. એ બધા વચ્ચે માણસનું સ્થિર રહેવું અઘરું હોય છે. એટલે સ્થિતિવશ માણસ ચલિત થઈ જાય છે"

હા, અહીં આજે આ ડાકુની વાત કરવી છે, જેની હાક એક સમયે ચંબલના પહાડોમાં પડઘાતી હતી એ ડાકુ આજે સાધુ જીવન જીવે છે. સાધુ એટલે બાવો બનીને નહીં પણ ખરા અર્થમાં સાધુતા.

ડાકુ પંચમસિંહ મધ્યપ્રદેશના એક નાના ગામડામાં જન્મેલા, ૪ ધોરણ સુધી ભણેલા અને ૧૪ વર્ષની ઉંમરે લગ્ન થયેલા પણ એક સમય એવો આવ્યો, જેમાં ગામમાં ચૂંટણીના કારણે બે જૂથ પડી ગયાં, અને આગેવાની કરતા આ માણસને ગામના બીજા જૂથે ખૂબ માર્યો, તેનો બાપ હોસ્પિટલ લઈ ગયો, અને યુવક જીવી ગયો. આ ઘટનાથી યુવકના મનમાં બદલો લેવાની ભાવના જાગી. એ ચંબલના અન્ય ડાકુઓને શોધી તેમની ટોળીમાં ભળી ગયો અને એક દિવસ શસ્ત્રો સાથે ૧૨ લોકોને લઈ પોતાના ગામે ત્રાટક્યો, ભારે ઘમાસાણ થયું, એને મારનાર છ લોકોને મારી નાખ્યા અને પછી ડાકુ બની ગયો. એનો ધંધો લૂંટફાટ, ખૂન, ધમકી સાથે આસપાસનાં ગામોમાંથી પૈસા ઉઘરાવવા વગેરે સતત 14 વર્ષ કર્યું. સાથે દેવીમાની ભક્તિ કરતો, દેવીદર્શન આપે તે માટે ત્રણ દિવસ ભૂખેતરસે તપ કર્યું પણ માતાજીએ દર્શન ન આપતાં તેણે મૂર્તિ તોડી નાખી, પૂજા-પાઠ છોડી દીધા. જે એક સમયે પોતાની આંગળી કાપી લોહી કાઢી માતાજીને ચઢાવતો એ હવે નાસ્તિક બની ગયો. દરમિયાન ૧૯૭૨માં જયપ્રકાશ નારાયણના સંપર્કમાં આવી ચંબલના ૫૫૬ ડાકુઓએ આત્મસમર્પણ કર્યું જેમાં આ પંચમસિંહ પણ હતા. તેમને આત્મસમર્પણ માટે બ્રહ્માકુમારીઝ દ્વારા પ્રેરણા અપાઈ હતી. આ ડાકુઓને માઉન્ટ આબુ ખાતે બ્રહ્માકુમારીઝમાં રખાયા અને આત્મ પરિવર્તન માટે પ્રેરિત કરાયા, જે પૈકી આ પંચમસિંહ પણ હતા. હાલ આ ડાકુ વૃદ્ધાવસ્થા ભોગવે છે અને બ્રહ્માકુમારીઝ ખાતે સાદગીપૂર્ણ સદભાવપૂર્વકનું જીવન જીવે છે. ડાકુમાંથી સાધુતા તરફ જનાર પંચમસિંહ પરિસ્થિતિના શિકારનો અદ્ભુત દાખલો છે. પરિસ્થિતિ જ માણસને ઘડે છે. અતિ કપરી સ્થિતિમાં પણ જે ડગે નહીં એ તરી જાય છે અને જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે માણસ લૂંટારામાંથી પણ સજ્જન બની શકે છે.

## સુવિચાર

> "સચ્ચાઈ અને ઈમાનદારી એવા ગુણો છે જે માણસને જીવનભર માન અને વિશ્વાસ અપાવે છે"